**માન.ધારાસભ્યશ્રી અનિકેતભાઇ ઠાકર (પાલનપુર)**

## <u>અગ્રતા ક્રમ – ૧૦</u>

**પ્રશ્ન-૧: તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન – ન્યુટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા નિદર્શન આપવામાં આવ્યા ? અને સદરહુ નિદર્શન પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?**

**જવાબ :**

**માન. અધ્યક્ષશ્રી**

તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન – ન્યુટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં ગોઠવવામાં આવેલ નિદર્શનની વિગતો જણાવુ તો,

| **અ.નં.** | **તાલુકાનું નામ** | નિદર્શનની સંખ્યા ૨૦૨૨– ૨૩ | નિદર્શનની સંખ્યા ૨૦૨૩– ૨૪ | નિદર્શનની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૫૩ | ૦ | ૫૩ |
| ૨ | કાંકરેજ | ૧૫૦ | ૦ | ૧૫૦ |
| ૩ | ડીસા | ૩૫૦ | ૨૦૯ | ૫૫૯ |
| ૪ | થરાદ | ૫૪૬ | ૯૪૭ | ૧૪૯૩ |
| ૫ | દાંતા | ૯૨ | ૦ | ૯૨ |
| ૬ | દાંતીવાડા | ૨૦૦ | ૨૧૧ | ૪૧૧ |
| ૭ | દિયોદર | ૧૦૦ | ૦ | ૧૦૦ |
| ૮ | ધાનેરા | ૩૭૫ | ૨૪૦ | ૬૧૫ |
| ૯ | પાલનપુર | ૨૦૦ | ૧૮ | ૨૧૮ |
| ૧૦ | ભાભર | ૧૫૦ | ૪ | ૧૫૪ |
| ૧૧ | લાખણી | ૨૫૦ | ૨૭૨ | ૫૨૨ |
| ૧૨ | વડગામ | ૨૨૫ | ૬ | ૨૩૧ |
| ૧૩ | વાવ | ૨૦૦ | ૬૭૫ | ૮૭૫ |
| ૧૪ | સુઇગામ | ૫૦ | ૪૮ | ૯૮ |
| | જિલ્લાનુ કુલ | ૨૯૪૧ | ૨૬૩૦ | ૫૫૭૧ |

**માન. અધ્યક્ષશ્રી**

તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બાજરા પાકમાં ગોઠવવામાં આવેલ નિદર્શનના ખર્ચની વિગતો જણાવુ તો, નિદર્શનનો ખર્ચ (રૂપિયામાં)

| **અ.નં.** | **તાલુકાનું નામ** | નિદર્શનનો ખર્ચ ૨૦૨૨-૨૩ | નિદર્શનનો ખર્ચ ૨૦૨૩-૨૪ | નિદર્શનનો કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૨૭૫૬૦૦/- | ૦ | ૨૭૫૬૦૦/- |
| ૨ | કાંકરેજ | ૭૮૦૦૦૦/- | ૦ | ૭૮૦૦૦૦/- |
| ૩ | ડીસા | ૧૬૭૭૦૦૦/- | ૧૦૮૪૬૯૨/- | ૨૭૬૧૬૯૨/- |
| ૪ | થરાદ | ૨૫૩૬૮૦૭/- | ૪૯૦૪૮૯૨/- | ૭૪૪૧૬૯૯/- |
| ૫ | દાંતા | ૪૭૮૪૦૦/- | ૦ | ૪૭૮૪૦૦/- |
| ૬ | દાંતીવાડા | ૯૯૦૭૭૮/- | ૧૦૯૫૦૬૯/- | ૨૦૮૫૮૪૭/- |
| ૭ | દિયોદર | ૫૨૦૦૦૦/- | ૦ | ૫૨૦૦૦૦/- |
| ૮ | ધાનેરા | ૧૮૪૧૧૭૧/- | ૧૨૪૩૦૫૬/- | ૩૦૮૪૨૨૭/- |
| ૯ | પાલનપુર | ૯૭૫૦૨૭/- | ૮૬૭૦૯/- | ૧૦૬૧૭૩૬/- |
| ૧૦ | ભાભર | ૭૫૨૪૨૮/- | ૨૦૭૧૮/- | ૭૭૩૧૪૬/- |
| ૧૧ | લાખણી | ૧૧૯૨૭૨૫/- | ૧૪૧૦૦૨૧/- | ૨૬૦૨૭૪૬/- |
| ૧૨ | વડગામ | ૧૦૯૧૮૫૦/- | ૩૧૦૭૬/- | ૧૧૨૨૯૨૬/- |
| ૧૩ | વાવ | ૯૦૪૩૯૬/- | ૩૫૦૬૭૨૫/- | ૪૪૧૧૧૨૧/- |
| ૧૪ | સુઇગામ | ૨૩૨૪૨૮/- | ૨૪૮૬૧૧/- | ૪૮૧૦૩૯/- |
| | જિલ્લાનુ કુલ | ૧,૪૨,૪૮,૬૧૦/- | ૧,૩૬,૩૧,૫૬૯/- | ૨,૭૮,૮૦,૧૭૯/- |

આમ, તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ન્યુટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં કુલ ૫૫૭૧ નિદર્શન ગોઠવવામાં આવેલ છે. અને રૂ.૨,૭૮,૮૦,૧૭૯/- ની સહાય આપવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ – ૧૦**

**પ્રશ્ન – ૨ : નિદર્શન એટલે શું ? બાજરા પાક નિદર્શનમાં કઇ કઇ ખેત સામગ્રી આપવામાં આવે છે ?**

જવાબ :

**માન. અધ્યક્ષશ્રી**

પાક ઉત્પાદન વધારવાના હેતુસર વૈજ્ઞાનિક ભલામણો મુજબની નવી સંશોધીત ખેત સામગ્રીનો ઉપયોગ કરી વધુ ખેત ઉત્પાદન મેળવવા પ્રગતિશીલ ખેડુતના ખેતર પર નિદર્શન ગોઠવવામાં આવે છે તેમજ તેને પ્રદર્શિત કરવામાં આવે છે તેને નિદર્શન કહેવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

**બાજરા પાકના નિદર્શનમાં**

| **અ.નં** | **ખેત સામગ્રી** | |
|---|---|---|
| **૧.** | બિયારણ | બાજરી |
| **૨.** | ખાતર | ૧.એન.પી.કે. કોન્સોરટીયમ,<br>૨.માઇકોરાઇઝા,<br>૩.સેન્દ્રીય ખાતર,<br>૪.લિક્વીડ ફરમેન્ટેડ ઓર્ગેનીક મેન્યુઅર,<br>૫.ફોસ્ફેટ રીચ ઓર્ગેનીક મેન્યુર (PROM) |
| **૩.** | જંતુનાશક દવાઓ | ૧.વર્ટીસીલીયમ લેકાની,<br>૨.એઝડીરેક્ટીન,<br>૩.ટ્રાયકોડર્મા વિરિડી |

**<u>અગ્રતા ક્રમ – ૧૦</u>**

**પ્રશ્ન – ૩ : નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન– ન્યુટ્રી સિરિયલ યોજનાનો હેતુ શું છે ? અને બાજરા પાકમાં નિદર્શન ઘટકમાં ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવે છે ?**

જવાબ :

**માન. અધ્યક્ષશ્રી**

**નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન– ન્યુટ્રી સિરિયલ યોજનાના હેતુની વાત કરુ તો,**

- યોજનાના અમલીકરણ હેઠળના જિલ્લાઓમાં પાકનો વાવેતર વિસ્તાર, ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવું.
- યોજના હેઠળ વિવિધ ઘટકોના અમલીકરણ અંતર્ગત જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પુન: સ્થાપિત કરવી.
- કૃષિની અર્થવ્યવસ્થા સુદ્રઢ કરી ખેડૂતોમાં વિશ્વાસ પુન:સ્થાપિત કરવો.

**માન. અધ્યક્ષશ્રી**

- નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન – ન્યુટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં નિદર્શન ઘટકમાં ખેડૂતોને ક્લસ્ટર નિદર્શનમાં રૂ.૬૦૦૦ પ્રતિ હેક્ટર ની સહાય આપવામાં આવે છે અને ખાતાદીઠ વધુમાં વધુ એક હેક્ટર માટે નિદર્શન આપવામાં આવે છે.